# ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ

સૌમીનકુમાર કાન્તિલાલ પટેલ
મદદનીશ શિક્ષક,
જોટાણા હાઈસ્કૂલ, જી. મહેસાણા

## ૧. પ્રસ્તાવના

ભારત એક લોકશાહી દેશ છે. લોકશાહીના સ્વપ્નને સાકાર કરવા માટે શિક્ષણનો મજૂબત પાયો નાખવો જોઈએ. આપણા દેશમાં શિક્ષણમાં વિવિધ પરિવર્તનો આવ્યા છે. શિક્ષણમાં વિવિધ અભ્યાસક્રમો પાઠયપુસ્તકો, અધ્યાપન પદ્ધતિઓ આંતરવ્યકિત વ્યવહારોએએ પણ નવી પરિભાષા ધારણ કરેલ છે. આથી શાળાઓના વર્ગખંડોમાં અનેક પ્રકારની સમસ્યાઓના સમાધાન માટે શિક્ષકે હંમેશા બધી જ બાબતોથી વાકેફ રહેવું પડે અને તેને સંશોધક તરીકેની ફરજ બજાવવી પડે. ટૂંકમાં શિક્ષક સમસ્યાઓને જાતે ઓળખે તેમનું પૃથક્કરણ કરે અને યોગ્ય નિદાન કરી ઉપાય પણ કરે એ આજના શિક્ષણક્ષેત્ર માટે આવશ્યક છે.

આજના વિદ્યાર્થીને તેના અભ્યાસમાં ઉચ્ચ અને સંગીન સફળતા મેળવવા માટે મનની શકિત, ઈચ્છાશકિત તથા સિદ્ધિપ્રેરણાથી કાર્ય કરવાની જરૂર રહે છે. વિદ્યાર્થીમાં સમસ્યાની સામે ઝઝૂમવાની શકિતનો અભાવ જોવા મળે છે. વિદ્યાર્થીઓને મનગમતી સિદ્ધિના મળતાં આત્મહત્યા તરફ પ્રેરાય છે. વિદ્યાર્થીને થોડી હતાશા કે નિરાશા મળતા પ્રારંભ કરેલું કાર્ય એટલે કે અભ્યાસને છોડી દે છે. જેથી વિદ્યાર્થીની અધ્યયન યાત્રા અર્ધવચ્ચેથી અટકી જાય છે. આમ, શિક્ષણમાં અપવ્ય અને સ્થગિતતાની વિકટ સમસ્યાઓ વર્તાય છે. આ સમસ્યાના હલ માટે સિદ્ધિપ્રેરણાનો ખ્યાલ વિકસાવવો જરૂરી છે. સિદ્ધિપ્રેરણા વિદ્યાર્થીમાં ડરી ના જઈ નાસીપાસ ન થતાં સિદ્ધિ સફળતાના શિખર પર પહોંચવાની પાંખ પૂરી પાડે છે.

આમ, સિદ્ધિપ્રેરણા વાંચન અધ્યયનનું પૂરતું પ્રેરકબળ બની રહે એવી ક્ષમતા ધરાવે છે. પ્રો.ડેવિડ મેકલેન્ડના મતે,
“If a man spends his thinking about ding things better phyechology he has a concernfor achievement.”

આમ, કહી શકાય કે શૈક્ષણિક સિદ્ધિ અને સિદ્ધિપ્રેરણા બંને પ્રભાવક છે. પહેલું બીજાને અને બીજું પહેલા સાથે સંકળાયેલું છે. સંશોધક સિદ્ધિની સિદ્ધિપ્રેરણા પર અસર મુલવવા માંગે છે. આમ, સિદ્ધિપ્રેરણાનો શૈક્ષણિક સિદ્ધિ બીજા ચલો જેવા કે જાતિ, વિસ્તાર, જ્ઞાતિ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

## ૨. સંશોધનના હેતુઓ

સંશોધનના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.
૧. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા જાણવી.

૨. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો વિસ્તારના આધારે સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવો.
૩. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો કેટેગરીના આધારે સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવો.
૪. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક સિદ્ધિના આધારે સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવો.
૫. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો જાતિના આધારે સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવો.

૩. અભ્યાસના ચલ

ચલની વિગત દર્શાવતી સારણી.

| ક્રમ | ચલ | ચલના પ્રકાર | સંખ્યા | કક્ષા |
|---|---|---|---|---|
| ૧ | સિદ્ધિપ્રેરણા | પરતંત્ર ચલ | ૧ | - |
| ૨ | વિસ્તાર | સ્વતંત્ર ચલ | ૨ | ગ્રામ્ય – શહેરી |
| ૩ | કેટેગરી | સ્વતંત્ર ચલ | ૨ | અનામત – બિનઅનામત |
| ૪ | શૈક્ષણિક સિદ્ધિ | સ્વતંત્ર ચલ | ૨ | ઉચ્ચ સિદ્ધિ – નિમ્ન સિદ્ધિ |
| ૫ | જાતિ | સ્વતંત્ર ચલ | ૨ | છોકરાઓ – છોકરીઓ |

૪. ઉત્કલ્પનાઓ

$Ho_1$ ધોરણ ૧૦ના ગ્રામ્યવિસ્તારના અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_2$ ધોરણ ૧૦ના અનામત અને બિનઅનામત વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_3$ ધોરણ ૧૦ના ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_4$ ધોરણ ૧૦ના છોકરાઓ અને છોકરીઓની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૫. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધનમાં પ્રવર્તમાન શૈક્ષણિક વાતાવરણમાં આ પ્રમાણે મહત્ત્વ ધરાવે છે.

૧.પ્રસ્તુત સંશોધન શિક્ષકો, આચાર્યો અને વાલીઓને વિદ્યાર્થીઓને સિદ્ધિપ્રેરણા જાણવા માટે ઉપયોગી થશે.
૨.પ્રસ્તુત સંશોધન નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ સિદ્ધિ મેળવવા પ્રેરણા પૂરી પાડી શકાશે.
૩.પ્રસ્તુત સંશોધન દ્વારા ઉચ્ચ સિદ્ધિ પ્રેરણા ધરાવતા બાળકોને શિક્ષકો અને વાલીઓ દ્વારા વધુ પ્રેરણા પૂરી પાડી શકાશે.
૪.પ્રસ્તુત અભ્યાસ દ્વારા સિદ્ધિપ્રેરણા પર કયા પરિબળો વધુ અસર કરે છે તે જાણી શકાશે.
૫.પ્રસ્તુત અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા વધે તે માટે પ્રયાસો થઇ શકશે.

૬. વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં મહેસાણા જિલ્લાની કડી તાલુકાની ૪૦ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૧૦ના ૧૦૯૨૦ વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતું.

૭. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

૮. ઉપકરણ

કોઈપણ પ્રકારના સંશોધનના અભ્યાસ હાથ ધરવા માટે માહિતી એકત્રિત કરવી પડે છે. જેની મદદથી ઉત્કલ્પનાઓની ચકાસણી થઇ શકે છે. આ માહિતી ઉપકરણો દ્વારા એકત્રિત કરી શકાય. આ ઉપકરણો માહિતીના વર્ણન અને સાંખ્યિકીકરણના અલગ અલગ માર્ગો દર્શાવે છે. ડૉ. એચ. આર. જોષીના મત અનુસાર,

"ઉપકરણ એટલે કે સાધન, જે દ્વારા વિશિષ્ટ પ્રકારની માહિતી એકત્રિત કરી શકાય છે."

પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસકે કડી તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવાનો હોવાથી ડૉ. અશ્વિનભાઇ જનસારી સાહેબશ્રીની સિદ્ધિપ્રેરણા સંશોધનિકાની ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૯. માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં સ્વતંત્રચલની કક્ષા પ્રમાણે આવૃત્તિ વિતરણ અને સાંખ્યિકી દર્શાવવામાં આવી છે અને સરાસરી, પ્રમાણવિચલન, ટી-ગુણોત્તર, સાર્થકતાની કક્ષા વગેરેની ગણતરીમાં કરવામાં આવેલ છે.

૧૦. તારણો

સમગ્ર સંશોધનથી પ્રાપ્ત કરેલા તારણો આપવાના હોય છે. અભ્યાસના હેતુઓ નક્કી કર્યા પછી પ્રાપ્ત માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરી એનાં અર્થઘટન પછી કેટલાંક મહત્ત્વપૂર્ણ તારણો પ્રાપ્ત થાય છે. આવાં તારણોને આધારે સંશોધન માટે દિશાસૂચન થાય છે.

૧. ધોરણ ૧૦ના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના સિદ્ધિપ્રેરણાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. આ પરથી કહી શકાય કે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા સમાન છે. એટલે કે વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા પર વિસ્તારની અસર જોવા મળતી નથી.
૨. ધોરણ ૧૦ના અનામત અને બિનઅનામત વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. આ પરથી કહી શકાય કે અનામત અને બિનઅનામત વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા સમાન છે. એટલે કે વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા પર કેટેગરીની અસર જોવા મળતી નથી.
૩. ધોરણ ૧૦ના ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના સિદ્ધિપ્રેરણાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. આ પરથી કહી શકાય કે ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ

ધરાવતા વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા સમાન છે. એટલે કે વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા પર શૈક્ષણિક સિદ્ધિની અસર જોવા મળતી નથી.

૪. ધોરણ ૧૦ના છોકરાઓના અને છોકરીઓની સિદ્ધિપ્રેરણાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. આ પરથી કહી શકાય કે છોકરાઓ અને છોકરીઓની સિદ્ધિપ્રેરણા સમાન છે. એટલે કે વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા પર જાતિની અસર જોવા મળતી નથી.

૫. ધોરણ ૧૦ના સમગ્ર નમૂનાના વિદ્યાર્થીઓના સિદ્ધિપ્રેરણાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. આ પરથી કહી શકાય કે મધ્યમ સિદ્ધિપ્રેરણા ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે.

## સંદર્ભસૂચિ

૧. Agrawal, J.C.(1996). Educational Research and Introduction. New Delhi: Arya book Depo.

૨. Gay, L.R. and Airasian. (2000). Educational Research Competencies for Analysis and Application. New Jercy.

૩. Karlinger, Freed N.K. (1996). Foundations of Behavioural Research. (2nd Edition). New Delhi: Surjeet Publication.

૪. આચાર્ય, મોહીની (૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ: અક્ષર પબ્લિકેશન.

૫. દેસાઇ, એચ.જી. અને અન્ય. (૧૯૯૨). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ.(પાંચમી આવૃત્તિ), અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.